# ગાંધીનગર ફરી ઠંડુગાર : પારો ૭.૫ ડિગ્રી

**ગાંધીનગરમાં કાતિલ ઠંડી જનજીવનમાં સન્નાટો : સિઝનની રેકર્ડ બ્રેક ઠંડીથી નગર આક્રમક કોલ્ડવેવની ગિરફતમાં : ગઇકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૪.૫ ડીગ્રી ગગડયો : છેલ્લા બે દિવસમાં લઘુત્તમ તાપમાન ૮.૫ ડીગ્રી નીચે ઉતર્યુ : બીજીતરફ દિવસના તાપમાનમાં પણ એક ડીગ્રી ઉંચકાયુ : ઘરોમાં હીટર ઓન થયા : આકરી ઠંડીનુ મોજુ ફરી વળતા સેકટરવાસીઓ ઘરમાં પુરયા : જનજીવનમાં સુનકાર**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં ઠંડીનો પારાએ દોટ લગાવી છે. આજે અચાનક જ ઠંડીનો મિજાજ આક્રમક બની જતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડીથી જનજીવન ઠુંઠવાયુ હતુ. ઠંડીનો પારો ૭.૫ ડીગ્રીએ પહોંચી ગયો હતો. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૪.૫ ડીગ્રી ગગડયો હતો. સવારથી જ આકરા કોલ્ડવેવની લહેર વચ્ચે નગરજનો ઠંડીની અસરથી સુન્ન પડી ગયા હતા. બર્ફિલા પવન વચ્ચે ઠંડીનુ જોર બેવડાયુ હતુ. છેલ્લા બે દિવસમાં લઘુત્તમ તાપમાન ૮.૫ ડીગ્રી ગગડતા ઠંડીની મોસમનો મિજાજ તીખો જોવા મળી રહ્યો છે. જયારે દિવસનુ તાપમાન ૨૯.૫ ડીગ્રી નોંધાયુ છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે ચાર ઘણો તફાવત નોંધાયો છે.હાડ ધ્રુજાવતી ઠંડીના લીધે વડીલો અને દમ શ્વાસ તેમજ સાંધાના દુખાવાના દર્દીઓની તકલીફ પણ વધી છે. કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળતા નગરના માર્ગો પર સાંજ ઢળતા જ સન્નાટો છવાઈ જાય છે.



ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી ઠંડીના પારામાં સતત ચઢ ઉતર જોવા મળી રહી છે. અત્યાર સુધી સિઝનની મહત્તમ ઠંડી ૮.૫ ડીગ્રી રહી હતી જયારે છેલ્લા બે દિવસથી ઠંડીનો પારો પણ સુન્ન પડી ગયો હોય તેમ લઘુત્તમ તાપમાન સતત ઉંચે ચઢતુ જોવા મળ્યુ હતુ. અલબત્ત બે દિવસ અગાઉ ન્યુનત્તમ પારો ૧૬ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૪ ડીગ્રી ગગડીને ૧૨ ડીગ્રી સુધી આવી ગયુ હતુ. જયારે આજે અચાનક જ ઠંડીનો મિજાજ આક્રમક બનતા ઠંડીની મોસમ ઉગ્ર બની હતી. લઘુત્તમ તાપમાન ૭.૫ ડીગ્રી પહોંચી ગયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૪.૫ ડીગ્રી ગગડયો હતો. જયારે આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળ્યો ન હતો. પરંતુ લઘુત્તમ તાપમાનની સાથે મહત્તમ તાપમાન પણ એક ડીગ્રી ઉંચકાયુ હતુ. જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે ચાર ઘણો તફાવત જોવા મળ્યો હતો. સવારથી જ આકરી ઠંડીએ નાગરિકોને ઘરમાં પુરાયેલા રહેવા માટે મજબુર કરી દીધા હતા. આક્રમક કોલ્ડવેવની અસર વહેલી સવારે મોર્નિંગ વોક કરવા જવાનુ પણ ટાળ્યુ હતુ. જયારે સાંજે પણ નગરના માર્ગો પર વાહનોની પાંખી અવરજવર જોવા મળી હતી. ઠંડીથી બચવા માટે ઝુંપડાવાસીઓએ તાપણા કર્યા હતા જયારે ઘરોમાં હીટર ઓન થઈ ગયા હતા. આક્રમક ઠંડીથી બચવા માટે સેકટરવાસીઓ ઘરમાં પુરાયેલા રહે છે. સાંજ ઢળતા સેકટરોની શેરીઓમાં સુનકાર છવાઈ જાય છે. ઠંડીથી બચવા નાગરિકો પગથી માથા સુધી ગરમ કપડામાં લપેટાયેલા રહે છે. કોરોના કાળમાં ઠંડીનુ જોર વધતા વડીલવર્ગની તબિયત પર વિશેષ અસર જોવા મળી રહી છે. જયારે દમ અને શ્વાસના દર્દીઓની હાલત પણ બગડી છે. આવા સંજોગોમાં સિનિયર સિટીઝન્સ અને બાળકોને ઘરની બહાર ન જવા માટે પણ તબીબોએ જણાંવ્યુ છે.

# આજે શહેરમાં કોરોના વેક્સીનેશન માટે ડ્રાય રન ટેસ્ટ

**નવ કેન્દ્રો ખાતે યોજાશે ડ્રાય રન ટેસ્ટ : તંત્ર દ્વારા તૈયારીઓ પૂર્ણ કરાઈ : ડ્રાય રન ટેસ્ટથી વેક્સીનેશનનો રિયલ ટાઈમ કેટલો લાગશે તે જાણી શકાશે**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં ડ્રાય રન ટેસ્ટ માટેની તમામ તૈયારીઓ આજે પુરી કરી દેવામાં આવી છે અને સવારે નવ વાગ્યાથી આ ડ્રાય રન ટેસ્ટનો આરંભ થશે.

ડ્રાય એન્ડ રન ટેસ્ટમાં વેક્સીનેશન સેન્ટર પર પાંચ અધિકારીઓને ફરજ પર તૈનાત કરવામાં આવશે. જેમાં પ્રથમ અધિકારી સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે લાભાર્થીઓને લાઈન-અપ કરશે. બીજા અધિકારી રજીસ્ટ્રેશનની કામગીરી સંભાળશે. ત્રીજા અધિકારી વેક્સીનેટરને મદદરૂપ થઈ કામગીરી કરશે. જ્યારે ચોથા અધિકારી જે ઓબ્ઝર્વેશન રૂપ છે ત્યાં ફરજ બજાવશે.

ત્રણ રૂમ વેક્શીનેશન માટે રાખવામાં આવ્યો. પ્રથમ રૂમ વેઈટીંગરૂમ હશે જ્યારે બીજો રૂમ વેક્સીનેશન માટે હશે અને ત્રીજો રૂમ ઓબ્ઝર્વેશન રૂમ હશે. આ ત્રણેય રૂમમાં સોશ્યલ ડિસ્ટન્સીંગનું ધ્યાન રાખવામાં આવશે.





જિલ્લામાં નવ સ્થળો પર ડ્રાય રન ટેસ્ટ યોજવામાં આવશે. જેમાં વેક્સીન સેન્ટર પરથી સ્થળ પર વેક્સીન પહોંચાડવાથી લઈ વેક્સીનેશનમાં કેટલો સમય થાય છે તે પણ જોવામાં આવશે.

જિલ્લામાં જે નવ સ્થાનો પર ડ્રાય રન ટેસ્ટ યોજવાનો છે તેમાં ગ્રામ્ય વિસ્તારના ૪ સેન્ટરો પર પસંદગી કરાઈ છે. આરકા હોસ્પિટલ, અડાલજ સા.આ. કેન્દ્ર, સુઘડ પ્રા.આ. કેન્દ્ર તેમજ કાકાના તારાપુરના સબ સેન્ટરનો સમાવેશ થાય છે.

શહેરમાં સિવિલ હોસ્પિટલ, હાઈટેક હોસ્પિટલ, ઈન્દ્રોડા, સે. ૨ ની શાળા અને સે. ૨૪ ની શાળાની પસંદગી કરવામાં આવી છે.

જિલ્લામાં ડ્રાય ટેસ્ટ માટે ૨૩૦ થી વધુ લાભાર્થીઓને બોલાવવામાં આવનાર છે. આ માટેની તૈયારીઓ પૂરેપૂરી થઈ ગઈ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં ડ્રાય રન ટેસ્ટ માટે વેક્સીનનો જથ્થો સિવિલ હોસ્પિટલમાંથી મોકલવામાં આવશે ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં બે પ્રા.આ. કેન્દ્રો પરથી જથ્થો રવાના કરવામાં આવનાર છે.

# કેપેટીલ રેલવે સ્ટેશનના ૧૨મીએ ઉદઘાટનની શક્યતા

**ગાંધીનગરના સ્માર્ટ રેલવે સ્ટેશનનુ પ્રધાનમંત્રી ઉદઘાટન કરશે : એક જમાનામાં મખમલના ગાલીચામાં ગાભાની ગોદડી સમાન ભાસતા રેલવે સ્ટેશનના રૂપરંગ બદલાતા હવે સ્ટેશન વિસ્તારમાં રોનક નિખરશે : ફાઇવ સ્ટાર હોટલ સાથેનુ જોડાણ ધરાવતા કેપિટલ સ્ટેશનનો સિનારિયો બદલાયો : મુસાફરો માટે હાઇટેક સુવિધાઓ : દેશમાં પ્રથમવાર સ્ટેશન પર પ્રાર્થના રૂમ : બેબી ફીડીંગ રૂમ પણ તૈયાર કરાયો : જુના બિલ્ડિંગમાં હાલ અધિકારીઓની ઓફિસ તેમજ ખાણી પીણી સહીતના સ્ટોલસ રહેશે**

ગાંધીનગર તા ૨૮

એક જમાનામાં મખમલના ગાલીચામાં ગાભાની ગોદડી સમાન ભાસતા ગાંધીનગર રેલવે સ્ટેશનને હાઈટેક ઢબે વિકસાવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. શહેરના એક ખુણામાં સ્થિત કેપિટલ સ્ટેશન પર અત્યાર સુધી સુવિધાના નામે મીંડુ ચિતરાયેલુ હતુ જયારે સ્ટેશન વિસ્તારમાં જવા માટે રીક્ષા ચાલકોનુ પણ મોં વંકાતુ હતુ. ટ્રેઈનમાંથી સ્ટેશન પર આવતા યાત્રિકોએ કઈ દીશામાં જવુ તેની પણ સુઝ ન પડે તે મુજબની કંગાળ સ્થિતિમાંથી આજે આ રેલેવે સ્ટેશન નગરની એક ઓળખ બનવા જઈ રહ્યુ છે. ફાઈવ સ્ટાર હોટલ સાથે જોડાયેલા કેપિટલ સ્ટેશનનુ આગામી તા ૧૨ જાન્યુઆરીના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ઉદઘાટન કરવામાં આવશે. નવા રૂપરંગ સાથે સુવિધાઓથી ભરપુર રેલવે સ્ટેશનમાં હવે યાત્રિકોને દુવિધાઓનો સામનો કરવો નહી પડે તેવી આશા પણ યાત્રિકોમાં પ્રબળ બની છે.



ગાંધીનગર કેપિટલ સ્ટેશનને નવા રૂપરંગ આપવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. ફાઈવ સ્ટાર હોટલ સાથે જોડાયેલા રેલવે સ્ટેશન પર હાઈટેક સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. સમગ્ર દેશમાં મોડેલ બની રહે તેવી કેટલીક સુવિધાઓનો પણ આ સ્ટેશન પર ઉપલબ્ધ થશે. રેલવે સ્ટેશન દેશનુ એવુ પ્રથમ સ્ટેશન બનશે કે જયાં પ્રાર્થના રૂમ પણ તૈયાર કરાયો છે. ટ્રેઈનની વાટે બેઠેલા મુસાફરો પ્રાર્થના કે બંદગી

● અનુસંધાન પાન-૭ પર

## પ્લેટફોર્મ નં -૧ અને ૨ પર વર્ષથી બંધ ટ્રેઈન હવે ત્વરિત શરૂ કરવા મહામંડળની માંગ

ગાંધીનગર રેલવે સ્ટેશનને નવી ઢબે વિકસાવાયુ છે. જયારે છેલ્લા દોઢ દાયકાથી સ્ટેશન પર નવી ટ્રેઈનો શરૂ થાય તે માટે પણ નગરની સેવાભાવી સંસ્થા શહેર વસાહત મહામંડળ દ્વારા અત્યાર સુધી ૮ હજારથી વધુ પત્રો લખીને સંબંધિત કક્ષાએ રજુઆતો કરવામાં આવી છે. ત્યારે છેલ્લા ઘણાં સમયથી હાલ દોડતી ટ્રેઈન સેવા પણ ઠપ્પ થઈ ગઈ છે. ત્યારે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ સ્ટેશન વિસ્તારમાં નિર્માણ પામતી ફાઈવ સ્ટાર હોટલના બાંધકામના લીધે છેલ્લા એક વર્ષથી ટ્રેઈન સેવા બંધ છે. જયારે અમદાવાદ રેલવે મેનેજરના જણાંવ્યા મુજબ ગુજરાત અર્બન રેલવે ડેવલપમેન્ટ કોર્પોરેશન લી દ્વારા બાંધવામાં આવી રહેલી હાઈફાઈ હોટલ દ્વારા ના વાંધા પ્રમાણપત્ર નહીં મળે ત્યાં સુધી હજુ ટ્રેઈનો શરૂ થશે નહી તેમ પણ સ્પષ્ટ થઈ રહ્યુ છે. આવા સંજોગોમાં પ્લેટફોર્મ નં -૧ અને ૨ ટ્રેઈન માટે ખુલ્લા મુકવા પણ મહામંડળે રજુઆત કરી છે.

# શહેર-જિલ્લામાં નવા ૨૨ કેસ : ૩૨ને ડિસ્ચાર્જ અપાયુ

**ગાંધીનગરમાં ૬, દહેગામમાં ૨, કલોલમાં ૩, માણસામાં ૧ કેસ નોંધાયો : સે. ૪ અને ૨૨ માં બે-બે કેસ સહિત શહેરમાં નવા ૧૦ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસો ઘટવાનો ટ્રેન્ડ છેલ્લા એક સપ્તાહથી જે આરંભાયો છે તે આ સપ્તાહના આરંભે પણ યથાવત્ રહેવા પામ્યો છે. જિલ્લામાં આજે માત્ર ૨૨ કેસ નોંધાયા છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૨૨ કેસમાં ૧૨ કેસ ગ્રામ્ય વિસ્તારમાં અને ૧૦ કેસ ગાંધીનગર શહેરમાં નોંધાયા છે. આજે પણ કોરોનાના નોંધાયેલા કેસો કરતાં ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા વધુ છે. જિલ્લામાં ૩૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં હવે યુવાનો વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ મહિલાઓ પણ સંક્રમિત થઈ છે. ગ્રામીણ વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલી ૧૨ કેસમાં ગાંધીનગરમાં ૬, દહેગામમાં બે કેસ, માણસામાં ૧ કેસ અને કલોલમાં ૩ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના રાયસણ ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે ઉપરાંત વાવોલ, કુડાસણ, સુઘડ અને પીપળજ ગામેથી કેસો મળી આવ્યા છે.

દહેગામ તાલુકામાં ધમીજ ગામેથી બે યુવાનો ૧૯ વર્ષીય અને ૧૭ વર્ષીય કોરોનાથી સંક્રમિત થયા છે. બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસા અર્બનમાંથી નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ નિવૃત્ત કર્મયોગીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલમાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. જેમાં ખાત્રજ ગામેથી ૨ કેસ અને સઈજ ગામેથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં પણ રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૬૪૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૨૨ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૯૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ચૂંટણી અધિકારીઓની નિયુક્તી કરાઈ

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લામાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગેની તૈયારીઓ પુરજોશમાં આરંભાઈ છે. જિલ્લાતંત્રએ નિષ્પક્ષ ચૂંટણીઓ માટે ૧૦ જેટલા ચૂંટણી અધિકારીઓની નિયુક્તીના હુકમો જારી કરી દીધા છે.

જિલ્લામાં ૩ તા.પં. અને ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે. ગાંધીનગર જિલ્લામાં જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, પ્રાંત અધિકારીશ્રી ગાંધીનગર, પ્રાંત અધિકારીશ્રી કલોલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત), મામલતદાર દહેગામ અને તાલુકા વિકાસ અધિકારી દહેગામની ચૂંટણી અધિકારી તરીકે નિયુક્તી કરી છે.

જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો નિયત કરવામાં આવી છે. જ્યારે તાલુકા પંચાયતોની પણ આટલી-આટલી જ બેઠકો છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ તા.પં.ની બેઠકો માટે પણ આ જ અધિકારીઓને જવાબદારી આપેલ છે. જિલ્લા કલેક્ટરશ્રીએ આ અંગે અધિકારીઓ સાથે તૈયારીઓ શરૂ કરવાના સંકેત પણ આપી દીધા છે અને ટુંકમાં જ તૈયારીઓની સમીક્ષા બેઠક યોજવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com